અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, આણંદ, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2014/57916

અમદાવાદ

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 નિવાસી તંત્રી : દિનેશસિંહ રાઠોડ - 98253 90510 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar-382 028 • Published : BLOCK NO. D/ 6, OPP. JAIN TEMPLE, SECTOR-8 / A, NIRNAY NAGAR, AHMEDABAD (GUJARAT) 382 481

• વર્ષ 5 • અંક 131 • દિનાંક 09-08-2018 • ગુરૂવાર • વિક્રમ સંવત 2074 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

# દેશની ટોચની ૨૦ યુનિવર્સિટીમાં જીટીયુનો સમાવેશ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

આંતરરાષ્ટ્રીય રેંકીંગ સંસ્થા યુનિરેંક તરફથી બહાર પાડવામાં આવેલા વર્ષ ૨૦૧૮ના રાષ્ટ્રીય રેંકીગમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ દેશની ટોચની ૨૦ યુનિવર્સિટીઓમાં સ્થાન હાંસલ કર્યુ છે. ૧૬મો ક્રમ હાંસલ કરીને ટોપ ૨૦ સુધી પહોંચનાર જીટીયુ ગુજરાતની એકમાત્ર યુનિવર્સિટી છે. આ બાબત જીટીયુ સંલગ્ન ૪૬૦ કોલેજો તેમજ યુનિવર્સિટી સહિત સૌના સહિયારા પ્રયાસોનું પરિણામ છે અને સમગ્ર રાજ્ય માટે તે ગૌરલપ્રદ છે. અમ જીટીયુના વાઈસ ચાન્સેલરે જણાવ્યુ હતુ. યુનિરેંક અગ્રગણ્ય શિક્ષણ ડિરેક્ટરી અને સર્ચ એન્જિન છે, જેમાં ૨૦૦ દેશોની સત્તાવાર રીતે માન્ય આશરે ૧૩,૬૦૦ યુનિવર્સિટીઓ અને કોલેજોને રેંકીંગ આપવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત રેંકીંગમાં ભારતની ૮૭૮ સંસ્થાઓને ાવરી લેવામાં આવી હતી. આ રેંકીગનો મૂળ હેતુ ભારતમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ કઈ કઈ યુનિવર્સિટીઓ મોખરે છે તેનો ક્યાસ કાઢવાનો છે. તેમાં જે માપદંડોને ધ્યાનમાં લેવામાં આવે છે તેમાં ભારતીય ઉચ્ચ શિક્ષણની પદ્ધતિમાં બેચલર કે માસ્ટર કે પીએચડીની પદવી સત્તાવાર રીતે આપવમાં આવતી હોય અને તે સર્વત્ર માન્ય હોય, પંરપરાગત કેળવણીપ્રથા આપનાવવામાં આવતી હોય, વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરીમાં જ સીધુ શિક્ષણ આપવમાં આવતુ હોય અને શિક્ષણની પદ્ધતિ પત્રવ્યવહારથી શિક્ષણની ન હોય જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.દેશની ટોચની ૨૦ યુનિવર્સિનઓઃ ૧. યુનિવર્સિટી ઓફ દિલ્હી- નવી દિલ્હી, ૨. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી - કાનપુર, ૩. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી મદ્રાસ - ચેન્નાઇ, ૪. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી, બોમ્બે- મુંબઇ, ૫. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી-ફગવાડા, ૬. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી, ખડગપુર- ખડગપુર, ૭. સાવિત્રીબાઈ ફુલે પૂણે યુનિવર્સિટી- પૂણે, ૮. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી, દિલ્હી - દિલ્હી, ૯. અન્ના યુનિવર્સિટી- ચેન્નાઇ, ૧૦. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી ગૌહાટી- ગૌહાટી, ૧૧. વીઆઈટી યુનિવર્સિટી- વેલ્લોર, ૧૨. ઈન્ડિયન ઈન્સ્ટીયુટ ઓફ સાયન્સ- બેગ્લોર, ૧૩. એસઆરએમ ઈન્સ્ટીયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ચેન્નાઇ, ૧૪. ડો.એ.પી.જે. અબ્દુલ કલામ ટેકનિકલ યુનિવર્સિટી- લખનૈઉ, ૧૫. પંજાબ યુનિવર્સિટી-ચંડીગઢ, ૧૬. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી- અમદાવાદ, ૧૭. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી- કલ્યાનપુર, ૧૮. બેંગ્લોર યુનિવર્સિટી, ૧૯. યુનિવર્સિટી ઓફ રાજસ્થાન- જયપુર, ૨૦. ગુરૂ ગોવિંદસિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી - નવી દિલ્હી.

## ભુજમાં રાત વચ્ચે ૧૫થી ૨૦ હજારની ચોરી થતા ચકચાર

**(પ્રતિનિધિ) ભુજ,**

શ્રાવણમાસ દરમ્યાન જુગારની બદી વધે એટલે ચોરીની ફરિયાદો પણ વધે છે. અહીંના કેમ્પ વિસ્તારમાં રાત વચ્ચે બંધ મકાનમાં તાળા તોળીને ૧૫થી ૨૦ હજારની બંગળીની ચોરી થઈ જતા પોલીસ તપાસ શરૂ થઈ છે. કેમ્પ વિસ્તારમાં માનસિક આરોગ્ય કેન્દ્ર પાસે આવેલા રાજેન્દ્રસિંહ પરમારના ઘરમાં ગત રાત્રે ચોરી થઈ ગઈ હતી. નલિયાથી પરત ઘરે આવ્યા ત્યારે ઘર ખોલીને અંદર જોયું તો સામાન વેરવિખેર જોવા મળ્યું હતું. કબાટમાંથી સોનાની બંગળી જોવા મળી નહોતી. આ વિસ્તારમાં ૧૫ દિવસ પહેલા ચોરી માટે નિષ્ફળ પ્રયાસ થયો હતો.

## સીએમ યોગીએ ૧૨ કલાક અંદર આખા રાજયના નારી સંરક્ષાણ ગૃહોનો અહેવાલ માગ્યોં

**(એજન્સી) લખનઉ,**

દેવરિયામાં નારી સંરક્ષણ ગૃહમાંથી બાળકીઓ ગાયબ થવાના મામલામાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કડક વલણ અપનાવ્યું છે.તેમણે ૧૨ કલાકની અંદર સમગ્ર રાજયના બધા નારી સંરક્ષણ ગૃહોની માહિતીનો અહેવાલ માગ્યો છે.યૂપી સરકારના પ્રવક્તાએ આજે જણાવ્યું હતું કે મુખ્યમત્રીએ બધા જિલ્લાધિકારીને તત્કાલ પોતા પોતાની હદમાં આવેલા મહિલા સરક્ષણ ગૃહ અને બાળ સંરક્ષણ ગૃહનું નિરિક્ષણ કરી ૧૨ કલાકમાં સરકારને રિપોર્ટ ઉપલબ્ધ કરાવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્દેશોનું પાલન ન કરનાર વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ ત્રીજી ઓગષ્ટ ૨૦૧૮ના રોજ બધા જિલ્લાધિકારીને બાળ અને મહિલા સંરક્ષણ ગૃહોનું વ્યાપક રીતે નિરીક્ષણ કરવા વિસ્તારથી વિર્દેશ કર્યા હતા.મુખ્યમંત્રીએ સમગ્ર મામલાની તપાસ માટે મુખ્ય સચિવ મહિલા કલ્યાણ રેણુકા કુમાર અને એડીજી (મહિલા હેલ્પલાઈન) અંજૂ ગુપ્તાના નેતૃત્વમાં એક તપાસ સમિતિ બનાવી છે. તેમણે તાત્કાલિક રાજકીય વિમાન દ્વારા દેવરિયા મોકલવામાં આવ્યા હતા. સમિતિને આદેશ આપવામાં આવ્યો છે તે ઘટના સ્થળે જઈ તાત્કાલિક તપાસ કરી. મુખ્યમંત્રીએ સમિતિને ગત મંગળવારે રિપોર્ટ આપવાના નિર્દેશ આપ્યા હતા.માનવામાં આવી કહ્યું છે કે તપાસ રિપોર્ટ પછી જ મુખ્યમંત્રી દોષિયાની વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે. તપાસ કાર્યમાં મડલાયુકત ગોરખપુર જરુરી સહયોગ અને મદદ કરશે. મુખ્યમંત્રીએ કહયુ કે પ્રકરણ માં દેષી મળે લોકોની વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવશે.દેરિયા પોલીસ દ્વારા રવિવારે મોડી રાત્રે કરવામાં આવેલી કાર્યવાહી પછી જેમ જેમ હકિકત સામે આવી, તેમ લખનઉમાં ઉચ્ચા અધિકારીઓ કાર્યવાહી કરવા સક્રિય થઈ ગયા હતા. પ્રથમ મુખ્યમંત્રી અને ડીજીપી અને ઉચ્ચા અધિકારીને બોલાનીને પુરી માહિતી લીધી હતી.તેના પછી મુખ્યમંત્રીએ દેવરિયા સ્થિત નારી સંરક્ષણ ગૃહના પ્રકરણ પર ગંભીર વલણ અપનાવતા ડીએમને તાત્કાલિક હટાવી દીધા હતા.

### વડોદરા શહેર ટ્રાફિક પોલીસના વાહન કાફલામાં

## અત્યાધુનિક અને સીસીટીવી સુસજ્જ ફોર વ્હીલર ટોઇગ વાહનનો ઉમેરો થયો

**દેશના તમામ મોટા શહેરોમાં ફોર વ્હીલર્સના ટોઇગ માટે વપરાય તેવું જ અત્યાધુનિક આ વાહન છે.**

**(પ્રતિનિધિ) વડોદરા,**

શહેર ટ્રાફિક પોલીસના વાહન કાફલામાં અત્યાધુનીક અને સીસીટીવી સુજજ ફોર વ્હીલર ટોઇગ વાહનનો એફજીઆઇના સૌજન્યથી ઉમેરો થયો હતો. શહેરના પોલીસ કમિશ્નર શ્રી અનુપમસિંહજી ગહલૌતે સીસીટીવીથી સુસજજ હાઇડ્રોલીક ક્રેઇન ફેસીલીટી ધરાવતા અત્યાધુનિક ફોર વ્હીલર ટોઈગ વાહનોનો સ્વીકાર કર્યો હતો અનો આ વાહન ટ્રાફિકના વધુ ઈફેકરટી મેનેજમેંટમાં શહેર ટ્રાફિક પોલીસને ખુબ ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને એફજીઆઇનો આભાર માન્યો હતો. પોલીસ કમિશ્નરે જણાવ્યું હતું કે ચાર પૈડાવાળા વાહનોના આડેધડ પાર્કિંગથી ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ સર્જાય છે અને અત્યાર સુધી શહેર ટ્રાફિક પોલીસ પાસલે આવા વાહનોને વ્હીકલ લોક લગાવવા સિવાય તેમને સલામત રીતે હટાવીને ટ્રાફિક કલીયર કરવાનો કોઈ વિકલ્પ ન હતો આ વાહનથી નડતરરૂપ ફોર વ્હીલરનો નુકસાન કર્યા વગર હટાવવાની સુવિધા મળી છે. દેશના તમામ મોટા શહેરોમાં ફોર વ્હીલર્સના ટોઇગ માટે વપરાય તેવું જ અત્યાધુનિક આ વાહન છે. આ પ્રસંગે એફજીઆઇના અધ્યક્ષ નીતિન માંકડે શ હેરી વિકાસની સાથે ટ્રાફિક સમસ્યા પડકારરૂપ બને છે તેવી લાગણી વ્યકત કરતાં કહ્યું કે ટ્રાફિક સમસ્યાના યોગ્ય નિરાકરણમાં શ હેર પોલીસને સહાયક બનવું એ પ્રત્યેક નાગરિક સંસ્થાની ફરજ છે.એ ભાવાનાને અનુસરીને અંદાજે ૧૬ લાખની કિંમતના આ વાહનની શહેર પોલીસને એફજીઆઇએ સખાવત કરી છે.એફજીઆઇ ટ્રાફિક સમસ્યાના નિરાકરણ સહિત વિવિધ સમસ્યાઓના ઉકેલમાં શ હેર પોલીસને શકય તેટલો સહયોગ આપશે.શાસ્ત્રોકત પુજનની સાથે પવિત્ર શ્રીફળ વધેરીને શહેર ટ્રાફિક પોલીસના એન્ફોર્સમેંટનો વધુ પાવરફુલ બનાવવા આ વાહન પરફેકટને વાહન કાફલામાં ઉમેરવામાં આવ્યું હતુ આ પ્રસંગે નાયબ પોલીસ કમિશ્નર યશપાલ જગાણીયા, એફજીઆઇના નિયામક મંડળના શિવિન્દરસિંહ ચાવલા,પ્રણવ દોશી,વીટીઇટીના સૂર્યકાંત અમીન, એફજીઆઇના સોક્રેટરી જનરલ નિતેશ,મેનેજીંદ કમીટીના સભ્યો એસીપી ટ્રાફિક અમીતા વાનાણી અને પોલીસ અધિકારીઓ હાજર હતાં.



# અદ્યતન એઆઇ ટેક્નોલોજી અને જીપીયુ ટર્બોથી સજ્જ ઓનર પ્લે રૂ. ૧૯,૯૯૯ અને રૂ. ૨૩,૯૯૯ ની કિંમતે ભારતમાં લોન્ચ

**(એજન્સી) નવી દિલ્હી,**

હુઆવેની પેટા બ્રાન્ડ ઓનરે આજે તેના લાંબા સમયથી રાહ જોવાતા હાઇ પર્ફોર્મન્સ ડિવાઇસ - ઓનર પ્લે લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે આકર્ષક કિંમતે મહત્તમ પર્ફોર્મન્સ પૂરું પાડવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ઓનર પ્લે ફ્લેગશીપ કિરિન ૯૭૦ એઆઇ પ્રોસેસર, ન્યુટ્રલ પ્રોસેસિંગ યુનિટ (એનપીયુ) થી સજ્જ છે, જે એઆઇની સારી કામગીરી માટે એક્સિલરેશન ઓફ મશીન લર્નિંગ (એમએલ) અલ્ગોરિધમની વિશેષતા ધરાવે છે. ઓનર પ્લે શ્રેષ્ઠ જીપીયુ ટર્બો ટેકનોલોજી સાથે અદ્ભુત ગ્રાફિક્સ અને યુઝર એક્સપિરિયન્સમાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરશે.ઓનર પ્લે ૬ ઓગસ્ટે સાંજે ચાર વાગ્યાથી એમેઝોન ઉપર - www.amazon.in/dp/B077PWJLR2 ખાસ વેચાણ માટે ઉપલબ્ધ બનશે. એક્સિસ કાર્ડ ઈએમઆઇ ઉપર વધારાની સેવિંગ્સ પણ મળી રહેશે. વોડાફોન ઓનર પ્લે ખરીદતા ગ્રાહકોને ૧૨ મહિના માટે ૧૨૦ જીબી વધારાનો ફ્રી ડેટા આપશે. પ્રી-પેઇનડ ગ્રાહકોએ ઓફરનો લાભ લેવા માટે રૂ. ૧૯૯ અથવા તેનાથી વધુનુ રિચાર્જ કરાવવાનું રહેશે. આ સાથે પોસ્ટ-પેઇડ ગ્રાહકો રૂ. ૩૯૯ થી શરૂ થતાં કોઈપણ વોડાફોન રેડ પ્લાન ઉપર ૧૨ મહિના માટે વધારાના ૧૦ જીબી ફ્રી ડેટા મેળવી શકશે. આ ઉપરાંત વોડાફોન પોસ્ટ પેઇડ ગ્રાહકો વોડાફોન પોસ્ટ પેઇડ પ્લાન (ભાડું રૂ. ૩૯૯ અથવા વધુ) ઉપર કોઇપણ ખર્ચ વિના ૧ વર્ષથી એમેઝોન પ્રાઇમ મેળવી શકશે. આ સાથે ઓનરના સત્તાવાર સ્ટોર www.hihonro.com/in/ yLku https://www.hihonro.com/in/honro-play-launch.html ઉપર પણ સ્માર્ટફોન ખરીદી શકાશે.આ લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતાં હુઆવે ઈન્ડિયાના કન્ઝ્યુમર બિઝનેસ ગ્રુપના વાઇસ પ્રેસિડેન્ટ સેલ્સ પી. સંજીવે જણાવ્યું હતું કે, ડિઝાઇન, ઇનોવેશન અને સરળ અનુભવ પ્રદાન કરવાં ઉપર સ્પષ્ટ ધ્યાન આપતાં ઓનરે ભારત સહિત વિશ્વભરમાં પોતાની કામગીરી વિસ્તારી છે. ઓનર



પોતાની સ્ટાઇલિશ ડિઝાઇન, શ્રેષ્ઠ પર્ફોર્મન્સ, અનોખી વિશેષતાઓ, નવા ટ્રેન્ડ્સ અને સુગમતા દ્વારા યુવા પેઢીને સરપ્રાઇઝ આપતું રહેશે અને તેમના ઉત્સાહમાં વધારો કરશે. ઓનર પ્લેનું લોન્ચ નવીન કિરિન ૯૭૦ ટેકનોલોજી અને એઆઇ ટેકનોલોજી સાથે થયું છે, જે ગ્રાહકોને સ્માર્ટફોન તરફથી ઈન્ટેલિજન્ટ ફોન તરફ લઇ જશે. શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપતાં ઓનર પ્લે ભારતી ગ્રાહકો માટે વાજબી કિંમતે બેસ્ટ પર્ફોર્મન્સ આપતું ડિવાઇસ બની રહેશે. અમને આશા છે કે યુવા પેઢી ઓનર પ્લેની ક્ષમતાઓને આવકારશે તથા ભારતમાં ક્રેઝી ફાસ્ટ એન્ડ ક્રેઝી સ્માર્ટ એક્સપિરિયન્સને સાકાર કરવાના અમારા પ્રયાસોને મદદરૂપ બનશે.એમેઝોનના કેટેગરી મેનેજમેન્ટના ડિરેક્ટર નૂર પટેલે જણાવ્યું હતું કે, અમે લાંબા સમયથી ભારતમાં રાહ જોવાતા ઓનર પ્લેને Amazon.in ઉપર લોન્ચ કરતાં ઉત્સાહિત છીએ. આ ભાગીદારી દ્વારા અમે સ્માર્ટફોન કેટેગરીમાં મજબૂત પોર્ટફોલિયોનું નિર્માણ કરીશું અને ગ્રાહકોને પસંદગીની વિશાળ શ્રેણી, સારું મૂલ્ય, ઝડપી અને વિશ્વસનીય ડિલિવરી ઓફર કરીને Amazon.in ઉપર ગ્રાહકોના ખરીદીના અનુભવને વધુ આનંદમય બનાવીશું. અમને વિશ્વાસ છે કે દેશમાં પહેલેથી જ ઘણો ઉત્સાહ પેદા કરનાર નવો ઓનર પ્લેને એમેઝોનના ગ્રાહકો મજબૂત પ્રતિસાદ આપશે. જીપીયુ ટર્બો અને એઆઇ ટેકનોલોજીથી સજ્જ ઓનર પ્લે ૪જીબી રેમ અને ૬૪ જીબી વેરિઅન્ટ્સમાં રૂ. ૧૯,૯૯૯ તેમજ ૬ જીબી રેમ અને ૬૪ જીબી વેરિઅન્ટ્સમાં રૂ. ૨૩,૯૯૯ માં ઉપલબ્ધ બનશે.ઓનર પ્લે બે કલર વેરિઅન્ટ્સ - મીડનાઇટ બ્લેક અને નેવી બ્લુમાં ઉપલબ્ધ બનશે. ઓનર પ્લે ઇ-કોમર્સ પ્લેટફોર્મ www.amazon.in/dp/B077PWJLR2 ઉપર ૬ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સાંજે ૪ વાગ્યાથી વેચાણ માટે ઉપલબ્ધ છે.

# સુપરસોનિક હેર ડ્રાયર વડે રક્ષા બંધન માટે પરફેક્ટ ગીફ્ટ: તમારી શોધનો અંત

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

રક્ષાબંધન એ લાંબા સમયથી ચાલી આવતી પરંપરા છે કે જેમાં ભાઈઓ વિચારપૂર્વક નક્કી કરેલી ગીફટ દ્વારા બહેન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. રક્ષા બંધનની પરંપરા ચાલી રહી છે ત્યારથી ભાઈઓએ પોતાની બહેનની સૂરક્ષા કરવાની જરૂર રહેતી નથી. તેમના વાળને ચોકકસ કેટલીક સુરક્ષા અને કાળજી ઉપલબ્ધ થશે. અત્યાર સુધીની સ્માર્ટ, સ્વતંત્ર અને સફળ મહિલાઓ માટે ગીફટની અસરકારક અને આસાન પસંદગી ડાયસન સુપરસોનિક રાખી એડિશન બની રહે છે. ડાયસન સુપરસોનિક એ એક એવુ સાધન છે કે જે વાળને નુકશાન કર્યા વગર તેની કાળજી અને સ્ટાઈલીંગ આસાન બનાવે છે. તે ઈન્ટેલીજન્ટ હીટ કન્ટ્રોલથી સજ્જ છે, જે દર સેકન્ડે ૨૦ વખત બહાર નીકળતી હવાનુ તાપમાન માપે છે અને ૧૫૦ ડીગ્રી સેન્ટીગ્રેડથી વધવા દેતુ નથી. ડાયસનની ડીજીટલ વી૯ મોટર અને એર મલ્ટીપ્લાયર ટેકનોલોજી, ઝડપી અને કેન્દ્રિત એર ફલો શક્ય બનાવે છે, વાળને ઝડપથી સૂકવે છે અને એ રીતે કુદરતી ચમક જાળવી રાખે છે. તે વજનમાં હળવુ છે અને હાથમાં સમતોલ પણે રહે તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને ઘણાં બધાં પરંપરાગત હેર ડ્રાયર કરતાં તે વધુ શાંત છે. ડાયસને આ રક્ષાબંધનની મોસમ માટે ખાસ એડીશન બહાર પાડી છે જે તમારી બહેન માટે એક પરફેકટ ગીફટ બની રહે છે. ડાયસનનો સુપરસોનિક ઈનફ્યુશીયા કલર કોમ્પલીમેન્ટરી પ્લેટીનમ સ્ટોરેજ/ટ્રાવેલ બેગ સાથે આવે છે. આ પ્લેટીનમ બેગ હીટ રેઝીસ્ટન્ટ ફેબ્રીક સાથે પર્પલ લાઈનથી સ્ટીચ કરેલ હોય છે અને તે મેગનેટીક હૂક વડે જોડીને સલામત બનાવાય છે જે ડાયસન સુપરસોનિકને એક પરફેકટ સાથીદાર બનાવે છે. ડાયસન સુપરસોનિક હેર ડ્રાયર વડે રક્ષા બંધન માટે પરફેક્ટ ગીફટની તમારી શોધનો અંતસ્પેશ્યલ રક્ષાબંધન ગીફટ એડીશનની કીમત રૂ. ૨૫,૦૦ રાખવામાં આવી છે. (જેમાં સુપરસોનિક હેરડ્રાયર અને પ્લેટીનમ બેગનો સમાવેશ થાય છે.)૧ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮ સુધી તે ઉઉઉ.Dyson.in, ડીએલએફ પ્રોમેનેડમોલ અને સીલેક્ટ સીટીવાક મોલમાં, નવી દિલ્હીમાં તથા વીઆર મોલ, બેંગલોરની સાથે સાથે નવી દિલ્હી અને બેંગલોરમાં ડીરેકટ ટુ હોમ સર્વિસ દ્વારા ઉપલબ્ધ છે.

# સંક્ષિપ્ત સમાચાર

## બે રુપિયે કિલોના રાહતદરે ઘાસનું વિતરણ ચાલુ રહેશે : રુપાણી

રાજ્યના ઉત્તરીય ભાગોમાં વરસાદ ખેંચાતાં પશુધન માટે ચારાની વ્યવસ્થા માટે સરકારે મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજ્યના પશુધન પ્રત્યે સંવેદના દાખવતાં નિર્ણય જાહેર કર્યો છે કે રાહતદરનું ઘાસ ચાલુ રાખવામાં આવશે.રાજ્યના કુલ ૪૪ તાલુકાઓ કે જ્યાં ૧૨૫ મી.મીથી ઓછો વરસાદ થયો છે તેવા તાલુકાઓમાં ગૌશાળા પાંજરાપોળના પશુઓ માટે તે તાલુકાઓમાં ૧૨૫ મી મી વરસાદ થાય ત્યાં સુધી અથવા અન્ય નિર્ણય થતાં સુધી ૨ રૂપિયે કિલોના રાહત દરે ઘાસનું વિતરણ ચાલુ રાખવામાં આવશે.આ રાહત દરે ઘાસ વિતરણની મુદત ૩૧ જુલાઈના રોજ પૂર્ણ થતી હતી, પરંતુ જરુરત વર્તાતાં પશુપાલકોની રજૂઆતોને લઈને સરકારે રાહત દરનું ઘાસ વિતરણ પૂરું પાડવા નક્કી કર્યું છે.

## ગબ્બર પર યાત્રાળુઓ માટે સરળ પગથિયાં બનાવવાનું આયોજન

હિંદુ ધર્મમાં શક્તિ પીઠોમાંનું એક એવું યાત્રાધામ, જ્યાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. અંબાજીના દર્શનાર્થે આવેલા યાત્રાળુઓ ગબ્બર પર બિરાજમાન માતાજીના દર્શનાર્થે જતા હોય છે. અંબાજીમાં ગબ્બર ચઢવા માટે પગથિયાંની સાથે ઉડન ખટોલા પણ છે., પરંતુ ઘણાં યાત્રાળુઓ પગપાળા પગથિયાં ચઢી દર્શન કરવાનું વધારે પસંદ કરે છે. યાત્રાધામ અંબાજીમાં સૌ કોઈ શ્રધ્ધાળુને દર્શન કરવામાં સુવિધા રહે તેમજ અવનવા આકર્ષણો પણ ઉભા કરવાનો તંત્ર દ્વારા પ્રયાસ થાય છે.તાજેતરમાં જ સૂત્રોના જણાવ્યા અનુસાર યાત્રાળુઓની સરળતા માટે ભાદરવી પૂનમ બાદ પગથિયાંનું સમારકામ તેમ જ નવીનીકરણ કરવાનું કાર્ય કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અંબાજી મંદિર પરિસરમાં તેમજ શહેરમાં શક્તિ પીઠ, વન-ઉપવનના આકર્ષણની સાથે અનેક સુવિધાઓ પણ યાત્રાળુઓને આપવાના સતત પ્રયાસ થાય છે.

## લંપટ શિક્ષકનું શરમજનક નિવેદન : મને વિદ્યાર્થીની સાથે પ્રેમ થઇ ગયો હતો

પોતાની સગીર વિદ્યાર્થિનીને જ હવસનો શિકાર બનાવનાર વડોદરાના લંપટ શિક્ષક વિનુ કટારિયાએ પોલીસની પૂછપરછ દરમિયાન અનેક ખુલાસા કર્યા છે. બેશરમની હદ વટાવી દેનાર શિક્ષકે પોલીસને પૂછપરછ દરમિયાન કહ્યું હતું કે, મારા ક્લાસમાં આવતી વિદ્યાર્થિની સાથે મને પ્રેમ થઈ ગયો હતો. સાથે તેણે એવી પણ કબૂલાત કરી હતી કે તે વિદ્યાર્થિનીને અલગ અલગ જગ્યાએ લઈ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.પોલીસે આ કેસમાં આરોપી શિક્ષક વિનુ કટારિયાને સાથે રાખીને સોમવારે તેના ઘર, ક્લાસિસ તેમજ જે જે જગ્યાએ દુષ્કર્મ આચર્યું હતું ત્યાં જઈને પંચનામું કર્યું હતું. શિક્ષકના જણાવ્યા પ્રમાણે પીડિત વિદ્યાર્થિની ઓગસ્ટ ૨૦૧૭થી તેના ક્લાસમાં આવતી હતી. આ દરમિયાન તેની સાથે તેને પ્રેમ થઈ ગયો હતો.આરોપી શિક્ષક ટ્યુટશન ક્લાસિસ ચલાવવા ઉપરાંત શહેરની એલેમ્બિક સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. બળાત્કારની ઘટના સામે આવ્યા બાદ સ્કૂલના તંત્રએ તેને સસ્પેન્ડ કરી દીધો છે. એટલું જ નહીં તેની સામે ખાતાકિય તપાસના પણ આદેશ કરાયા છે.

## ‘સુરતમાં જંગલરાજ’ : યુવકની જાહેરમાં ચપ્પુના ઘા મારી હત્યા

પાંડેસરા વિસ્તારમાં જાહેર એક યુવાનને ચપ્પુના ઘા મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જેથી બે બહેનોએ એકના એક ભાઈ ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસ હત્યાનો ગુનો નોંધી ચાર અજાણ્યા હત્યારાઓને પકડી પાડવાની દિશામાં તપાસ હાથ ધરી છે. પાંડેસરા વિસ્તારમાં અજય શિવકુમાર સહાની પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં બે બહેનો અને એકનો એક ભાઈ હતો. અને એરટેલ કંપનીના મોબાઈલ સિમકાર્ડ વેચી ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થતો હતો. દરમિયાન ગત રોજ ચાર જેટલા યુવાનો દ્વારા અજય પર હુમલો કરવામાં આવ્યો હતો. અજયને પહેલાં માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ જીવ બચાવવા ભાગતા અજયને દોડાવી દોડાવી ચપ્પુના ઘા મારી મરાયા હતા. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અજયને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું ટુંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. અને હત્યાનો ગુનો નોંધી હત્યારાઓને ઝડપી પાડવાની દિશામાં તપાસ હાથ ધરી છે. જોકે, હાલ હત્યાનું કારણ જાણવા મળ્યું નથી.

## અમદાવાદમાં ટેપ વગાડવાની માથાકૂટમાં યુવકની હત્યા

શહેરના બહેરામપુરા વિસ્તારમાં આવેલ મોહન દરજીની ચાલીમાં રહેતા એક ૪૦ વર્ષીય યુવકની ગઇ કાલે મોડી રાતે ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ છે. એક અઠવાડિયા પહેલાં ટેપ વગાડવાના મુદ્દે યુવકને પાડોશમાં રહેતા કેટલાક લોકો સાથે માથાકૂટ થઇ હતી, જેની અદાવત રાખીને આ ઘટના ઘટી છે.કાગડાપીઠ પોલીસ ચાર શખ્સ વિરુદ્ધમાં હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. બાળકો ભણતાં હોવાના કારણે પાડોશમાં રહેતા કેટલાક લોકોએ ટેપ ધીમે વગાડવા માટે ગિરીશભાઇને થપકો આપ્યો હતો. તે સમયે ગિરીશભાઇ અને પાડોશીઓ વચ્ચે ટેપ વગાડવાના મામલે બબાલ થઇ હતી.જોકે સ્થાનિકો વચ્ચે પડતાં મામલો શાંત પડ્યો હતો અને બન્ને વચ્ચે સમાધાન કરાવ્યું હતું. ગઈ કાલે ટેપ વગાડવાના મામલે અદાવત રાખીને ગિરીશભાઇ અને પાડોશમાં રહેતા કનૈયાલાલ ઉર્ફે કનુભાઇ ચૌહાણ, ચિરાગ મૂકેશભાઇ ચૌહાણ, રાહુલ અને તેના મિત્ર સાથે માથાકૂટ થઇ હતી.સામસામે થયેલી બબાલે એટલું ઉગ્ર રૂપ ધારણ કરી લીધું કે મામલો બીચક્યો હતો. બન્ને પક્ષ ધોકા અને પાઇપ વડે એકબીજા પર હુમલો કરવા લાગ્યા હતા. કનૈયાલાલે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને ગિરીશભાઇના પેટમાં મારી દીધી હતી. ગિરીશભાઇ લોહીથી લથપથ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા, જ્યાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

## સસ્તા દારૂમાંથી બ્રાન્ડે દારૂ બનાવવાની મિનિ ફેક્ટરી ઝડપાઇ,૨ની ધરપકડ

ગુજરાત સરકારે દારુના દુષણને નેસ્તનાબુદ કરવા તેમજ દારુબંધીના કડક અમલ માટે નવા કાયદા બનાવ્યા છે પણ, બુટલેગર અને ખેપીયાઓ દારુબંધીના કાયદાઓની ઐસીતૈસી કરી રહ્યા છે. ત્યારે વડોદરામાં બનાવટી દારૂની મીની ફેક્ટરી ઝડપાઇ છે. આ બનાવટી દારૂ બનાવવાનો નવો કીમિયો નિહાળી પોલીસ પણ સ્તબ્ધ થઇ ગઇ હતી.દારૂની પ્લાસ્ટિક બ્રાન્ડમાંથી મોંઘી બ્રાન્ડનો દારૂ બનાવતા હતા અને ખાસ લવિંગનો પણ ઉપયોગ કરતા હતા. પાણીગેટ પોલીસે કપુરાઈ સ્થિત ઘરમાં રેડ કરી હતી. ત્યારે બે આરોપી સહિત મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરીને કાર્યવાહી હાથ ધરી છે.થોડા મહિના પહેલા વડોદરાના માંજલપુર વિસ્તારની કલ્યાણભાગ સોસા.માં પોલીસે દરોડો પાડીને બ્રાન્ડેડ કંપનીનો વિદેશી દારૂ બનાવીને વેચવામાં આવતો હતો. દારૂ બનાવતા રાહુલ પેટેલ નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે કાર સાથે ૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.સસ્તા દારૂમાંથી બ્રાન્ડે દારૂ બનાવવાની મિનિ ફેક્ટરી ઝડપાઇ,૨ની ધરપકડઅહીં ડુપ્લિકેટ કિંગ વ્હિસ્કી અને રોયલ સ્ટ્રેગ ક્લાસિક વ્હિસ્કી બનાવવામાં આવતી હતી. પોલીસે ડુપ્લિકેટ દારુની ફેક્ટરીમાંથી વિદેશી દારૂ ભરેલી તેમજ ખાલી બોટલો, સ્પિરીટ, દેશી દારુ, માલની ડીલીવરી માટે ઉપયોગમાં લેવાતી એક કાર સહિત રૂપિયા ૧.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## પાંડેસરામાં ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચ્યો

**(પ્રતિનિધિ) સુરત,**

પાંડેસરામાં એક ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. બાળકીના શરીર પરથી મારના નિશાન ને લઈ અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જોકે હજી સુધી ૪ વર્ષની બાળકીની કોઈ ઓળખ ન થતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.પાંડેસરાના વડોદ ગામ નજીકથી એક ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. રાહદારીઓએ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને તપાસ હાથ ધરી હતી. જેમાં બાળકીના શરીર પર મારના નિશાન મળી આવતા પોલીસ દ્વારા હત્યાની આશંકા સેવવામાં આવી રહી છે. જ્યારે પોલીસ દ્વારા હાલ બાળકીની ઓળખની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

# શ્રી સત્ય સાઇ સેવા સંસ્થા, ભારત દ્વારા માનવ મૂલ્યો અને કાનૂન વ્યવસાય પર પ્રશાંતિ નિલાયમ ખાતે ૧૧-૧૨ ઓગસ્ટ ૨૦૧૮ પરિષદ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ન્યાયતંત્રની ભૂમિકા અને માનવ મૂલ્યોને મજબૂત બનાવવા માટે મંતવ્યો, વિચારો તથા માર્ગોના સૂચનો મેળવવા શ્રી સત્ય સાઈ સેવા સંસ્થા દ્વારા ૧૧ અને ૧૨ ઓગસ્ટના, યોજાનારી બે દિવસની પરિષદમાં ન્યાયતંત્ર, જજો અને કાયદા વિશારદોની હાજરીનું પ્રશાંતિ નિલાયમ સાક્ષી બનશે. માનવ મૂલ્યો અને કાનૂન વ્યવસાયના વિષય હેઠળની બે દિવસની આ પરિષદમાં દેશભરના ધારાશાસ્ત્રી, ખંડપીઠ અને આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને આમંત્રણ છે. માનવ અધિકારો અને મૂલ્યોના મહત્વ પર પ્રકાશ પાડવા અને આ ઉમદા કાર્યના ફેલાવા માટે ભારતના માનદ્ ચીફ જસ્ટિસ દીપક મિશ્રા પોતે ઉદ્દઘાટન સમારંભ વેળાએ હાજર મહેમાનોને સંબોધશે.માનદ્ ન્યાયમૂર્તિ એસ. જે. મુખોપાધ્યાય, ચેરમેન, એનસીએલટી અને ભારતની સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજની આગેવાની હેઠળની તથા ભારતની વિવિધ હાઈકોર્ટના વર્તમાન જજોના સમાવેશ સાથેની પેનલ માનવના બંધારણિય હક્કો અને મૂલ્યો પર વ્યાપક ચર્ચા કરશે. ભારતની સુપ્રીમ કોર્ટના જજ માનદ્ ન્યાયમૂર્તિ એન. વી. રમણ તથા ભારતની સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ માનદ્ ન્યાયમૂર્તિ અમિતવા રોય માનવ મૂલ્યો વધારવામાં ન્યાયતંત્રની ભૂમિકા પર પ્રકાશ પાડશે. કાયદાકીય વ્યવસાયમાં નૈતિકતા અને પ્રમાણિકતા પરના સત્રમાં આન્ધ્ર પ્રદેશ તથા તેલંગણાની હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ટી. બી. રાધાકૃષ્ણન અધ્યક્ષ સ્થાને રહેશે. મુખ્ય ન્યાયમૂર્તિ રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની પેનલમાં દેશની વિવિધ હાઈકોર્ટના વર્તમાન જજોનો પણ સમાવેશ રહેશે. આ કાર્યક્રમમાં ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અને શ્રી સત્ય સાઈ યુનિવર્સિટીના ભૂતપૂર્વ ચાન્સેલર એમ. એન. આર. વેંકટાચલ્લૈયાનું સન્માન પણ કરાશે. શ્રી સત્ય સાઈ બાબા, તેમની સંસ્થાઓ અને તેમના સંદેશ સાથે સંકળાયેલા વકીલમંડળ તથા ખંડપીઠના અનેક આગેવાન કાયદા વિશારદોમાં વેંકટાચલ્લૈયાનોપણ સમાવેશ થાય છે. માનવ પ્રકૃતિનો યોગ્ય અભ્યાસ એજ



માનવતા છે એમ શ્રી સત્ય સાઈ બાબા ભારપૂર્વક જણાવે છે. તેમના સિદ્ધાંતો પાંચ મજબૂત પાયાઓ પર આધારિત છે આ પાયાઓ એટલે કે, સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા. માનવ રચના એ ઈશ્વરની શ્રેષ્ઠ રચના છે અને માનવ મૂલ્યો એ માનવતાનું અર્ક છે અને દરેકને આ વારસાગત દૂવી જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળવી જોઈએ એટલું જ નહી પરંતુ માનવ શ્રેષ્ઠતાને ખીલવવાની પણ તક મળવી જોઈએ, એમ તેમનો સંદેશ છે.ભારતના બંધારણની પ્રસ્તાવના ભારતના દરેક નાગરિકને જાતિ, રંગ, માન્યતા, સંપ્રદાય અને ધર્મથી પરે રહીને શ્રેષ્ઠ જીવન જીવવાના હક પૂરા પાડે છે. એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે ભારત તેના નાગરિકો પ્રત્યે આદરભાવ ધરાવે છે.દેશનું ન્યાયતંત્ર માનવ મૂલ્યોનું કસ્ટોડિઅન છે અને ભારતના નાગરિકોના બંધારણિય હક્ક જાળવવામાં અને જતન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે એટલું જ નહી તે નાગરિકોના અધિકારોમાં વધારો પણ કરે છે. સમય પસાર થવા સાથે અને સામાજિક ધોરણો બદલાવા સાથે માનવ મૂલ્યોના જતન કરવામાં ન્યાયતંત્રની ભૂમિકા પણ મજબૂત બનવી આવશ્યક છે તથા ભારતના બંધારણમાં આવરી લેવાયેલા સિદ્ધાંતો અને મૂલ્યોને મજબૂત બનાવવાની તેની જવાબદારી પણ છે. આ આધુનિક વિશ્વમાં માનવ મૂલ્યો અને હક્કોના જતનને આગળ વધારવા એજ આ પરિષદનો પ્રયાસ છે.

# એપ્સો શિક્ષા ઉદ્યોગને કેવી રીતે બદલી નાંખ્યો છે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

મોબાઇલ એપ્લિકેશન, એક તકનીકી બ્રેકથ્રુ છે જેણે તેજ સંચારનો રસ્તો ખોલી આપ્યો છે. એટલે આ સમય બચાવે છે અને લોકોના જીવનને આસાન બનાવે છે. આજે એવા કોઇ ઉદ્યોગ નથી જે એપ્લિકેશનનો ઉપયોગ ના કરતા હોય અથવા તેમની આવશ્યકતા ના હોય.કેરિયર લિફ્ટના સીઇઓ નિતિલ ગુપ્તા કહે છે, ભારતમાં મોબાઇલ એપ્સનો ઉપયોગ લગભગ બધા ઉદ્યોગોમાં કરવામાં આવી રહ્યો છે, બેન્કિંગ અને ફાઇનાન્સથી લઇને મીડિયા, એન્ટરટેઇનમેન્ટ, હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, ઓનલાઇન બિઝનેસ અને શિક્ષા ઉદ્યોગ. શિક્ષા ક્ષેત્રમાં એપ એવા લાભ પ્રદાન કરે છે જેણે માત્ર સેવા પ્રદાતાના કાર્ય સરળ બને છે પરંતુ વિદ્યાર્થી દ્વારા એપની પહોંચને વધારે સુવિધાજનક મળી આવ્યું છે અને તે બધી જાણકારીની સાથે અપડેટ રાખે છે.કેરિયર લિફ્ટની મોબાઇલ એપ્લિકેશનની સાથે સંસ્થાન પોતાનું જ્ઞાનવર્ધક અને સહયોગાત્મક ઈકોસિસ્ટમ બનાવી શકે છે. એનાથી




તે પોતાના વિદ્યાર્થીઓને નિયમિત રૂપથી અપડેટ રાખી શકે છે અને તેમના કેરિયરમાં તેમને આગળ વધારવામાં મદદ કરી શકે છે.

શૈક્ષણિક મોબાઇલ એપની સહાયતાથી સંસ્થાનોને આ ઉદ્દેશ્ય મેળવી શકાય છે -

૧. શીખવાની નવી રીત - એપ્સે જ્ઞાન આપવાની રીતને બદલી નાંખ્યો છે. તેને શીખવું વધારે સહયોગાત્મક અને મજેદાર બનાવ્યું છે. એપ્સે એવું પ્લેટફોર્મ બનાવ્યું છે જ્યાં વિદ્યાર્થીઓને માત્ર એક બટન ટેપ કરીને સંપર્ક કરવું સરળ છે. તેનાથી શીખવાનું નવો યુગનો ઉદય થયો છે.

૨. સશક્ત સંવાદ - શિક્ષા ઉદ્યોગને એપ દ્વારા આપવામાં આવેલ સૌથી મહત્વપૂર્ણ લાભ એ છે કે આ સંચારનું સશક્ત માધ્યમ પ્રદાન કરે છે. સંચારના આ સરળ રીતને બધી પ્રક્રિયાઓને પ્રભાવિત કર્યા છે જેનાથી વિદ્યાર્થીની સાથે સારો સંબંધ બને છે જે સંસ્થાનોની પહોંચથી બહારની વાત હોય છે. એક સારી મોબાઇલ એપ શિક્ષકોની સુવિધા આપે છે કે તે પ્રશ્નોના જવાબ આપી શકે જેનાથી પારદર્શિતા બને અને વધારે વિશ્વાસ નિર્મિત થઇ શકે.

૩. નોટિફિકેશન અને એલર્ટ - એપ્સના હેઠળ, વિદ્યાર્થીઓને સંસ્થાનોની તરફ તરત નોટિફિકેશન અને એલર્ટ મળી જાય છે, જેમકે બેન્ચ શિડ્યુલ બદલવા તથા પરીક્ષા, મોક પરીક્ષાઓ, વિશેષ સેશન, ગેસ્ટ લેક્ચર, ઓનલાઇન પરીક્ષાઓ સંબંધિત સૂચનાઓ વગેરે. તેમના મોબાઇલ પર સંસ્થાનના એપ્સ હોવાથી વિદ્યાર્થીઓને કોઇ પણ અપડેટ માટે કેમ્પસ નહીં જવું પડતું.

૪. ઓનલાઇન સૂચના સ્રોત - એપ્સને એક ખૂબ જ ઉપયોગી સૂચના સ્રોતના રૂપમાં નિર્મિત કરી શકાય છે. વિદ્યાર્થી કેટલીક સ્ટડી મટેરિયલ્સ, મોક પરીક્ષા પેપર વગેરે એપ હેઠળ એક્સેસ કરી શકે છે. તેનાથી વિદ્યાર્થી યાત્રા પર હોવા છતાં પોતાને અપડેટ રાખી શકે છે.

શૈક્ષણિક એપથી આવાથી શિક્ષણ અને શીખવામાં રચનાત્મક બદલાવ આવી શકે છે જેનાથી સંસ્થાનોને ઉદ્યોગ જગતમાં મુખ્ય હોવામાં સહાયતા મળી શકે છે.

# કેપિટલ માર્કેટમાં લોન્ચ કરશે પાવરફુલ ટેક્નોલોજીસ : 9 ઓગસ્ટે ખુલશે IPO

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

એલઈડી ટીવી સેટ્સ અને મોબાઇલ પાવર બેન્ક જેવા કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ બનાવાવાળી મુખ્ય કંપની પાવરફુલ ટેકનોલોજીસ પોતાના ઇનિશિયલ પબ્લિક ઓફરીંગ (આઇપીઓ) ની સાથે મૂડીબજાર (કેપિટલ માર્કેટ) માં લોન્ચ કરવા જઇ રહી છે. તેનો આઇપીઓ ૯ ઓગસ્ટે ખુલશે અને ૧૪ ઓગસ્ટે બંધ થશે. કંપનીના મેનેજર આદિત્ય ગુપ્તાએ જણાવ્યું કે, શરૂઆતથી જ અમારી કંપની નફો કરી રહી છે અને અમારી પાસે હાલની બ્રાન્ડ તથા સંબંધિત ઇન્ડસ્ટ્રીઝના ચાલતાં અમારા માટે ભવિષ્યમાં સંભાવનાઓ વધારે છે. આઇપીઓ માટે રોકાણકારો પાસેથી સારી પ્રતિક્રિયા મળવાનો વિશ્વાસ છે. આઇપીઓથી મળેલ ફંડથી અમને વિસ્તાર યોજનાઓના ફાઇનાન્સિંગમાં મદદ મળશે.નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) ના એસએમઇ પ્લેટફોર્મ એનએસઇ ઇમર્જ પર તેને સૂચીબદ્ધ કરાવાનો પ્રસ્તાવ છે. નોઇડાની મેન્યુફેક્ચરીંગ એકમનું સંચાલન કરવાવાળી કંપની આઇપીઓથી મળેલ ધનરાશિનો ઉપયોગ તે પોતાની વર્કિંગ કેપિટલની જરૂરતોને પૂરા કરવા માટે કરશે.કંપનીના પ્રવર્તક નિતિન છાબડા, કરૂણા છાબડા અને આદિત્ય ગુપ્તાએ કંપનીની સ્થાપના ફેબ્રુઆરી, ૨૦૧૫ માં કરી હતી. શરૂઆતમાં કંપની ‘પાવરઆઇ’ અને ‘લૈપીમાસ્ટર’ બ્રાન્ડના અંતર્ગત મોબાઇલ પાવર પ્રોડક્ટ્સ વેચતી હતી. હવે કંપની પોલરોઇડ બ્રાન્ડના એલઇડી ટીવી અને એલઇડી મોનિટર તથા કોડક બ્રાન્ડની પાવરબેન્કના મેન્યુફેક્ચરીંગ અને વેચાણ માટે અધિકૃત લાઇસેન્સી / માન્યતા પ્રાપ્ત મેન્યુફેક્ચરર છે. આ બંને અમેરિકાના લોકપ્રિય બ્રાન્ડ્સમાં સામેલ છે.૨૦૧૭-૧૮ માં પાવરફુલ ટેકનોલોજીસે ઓપરેશનથી ૬૨ કરોડ રૂપિયાનું ગ્રોસ રેવેન્યુ અર્જિત કર્યું હતું. કંપની શરૂઆતથી જ સતત નફો કરી રહી છે. ૨૦૧૭-૧૮ માં કંપનીનું પ્રોફીટ બિફોર ટેક્સ (પીબીટી) ના માર્જિન ૯.૯૩ ટકા રહ્યો હતો.કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ૩૫ વર્ષીય આદિત્ય ગુપ્તા પહેલા પાયોનિયર કમ્પ્યુટ્રોનિક્સમાં સહ પ્રવર્તક હતા. જે આઇટી અને ટેલીકોમ્યુનિકેશન ઉત્પાદોથી જોડાયેલી કંપની છે અને ૨૦૧૬-૧૭ માં કંપનીનું ટર્નઓવર ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે થઇ ગયું અને આ સતત વધી રહ્યું છે.૩૭ વર્ષીય કરૂણા છાબડા પાવરફુલ ટેકનોલોજીસની એક પ્રવર્તક અને નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તેમને એચઆર અને પ્રશંસનિક કિસ્સામાં મોટો અનુભવ છે.કેપિટલ માર્કેટમાં લોન્ચ કરશે પાવરફુલ ટેકનોલોજીસ - ૯ ઓગસ્ટે ખુલશે આઇપીઓ કંપનીના એક અન્ય પ્રવર્તક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ૪૦ વર્ષીય નિતિન છાબડા એક ચાર્ટડ એકાઉન્ટન્ટ પણ છે. સમૂહના કારોબારને વધારવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે.




# શિબુલાલ પરિવારની ધર્માદા પહેલો વિદ્યાધન ગુજરાતમાં લોન્ચ કરાઇ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શ્રીમતી કુમારી શિબુલાલ (એસડીએફના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી) અને એસ. ડી. શિબુલાલ (એસડીએફના ટ્રસ્ટી અને ઈન્ફોસીસના સહ-સ્થાપક) દ્વારા સ્થાપિત સ્કોલરશિપ પ્રોગ્રામ વિદ્યાધન ગુજરાતમાં વિધિસર રીતે રજૂ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વિદ્યાધન રજૂ કરવા સાથે આ સ્કોલરશિપ દક્ષિણીય અને પશ્ચિમી ભારતમાં આઠ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પોતાની પહોંચ ધરાવે છે. સ્કોલરશિપમાં અગિયારમા ધોરણથી ઉચ્ચ શિક્ષણ આવરી લેવાશે. જેમાં નાણાકીય જરૂરત, પાત્રતા, કોર્સ અને મુદતને




આધારે વાર્ષિક રૂ. ૬,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ ની શ્રેણીમાં વાર્ષિક ફી આપવામાં આવશે.ગુજરાતમાં મુલાકાત દરમિયાન એસડીએફના ટ્રસ્ટી અને ઈન્ફોસીસના સહ-સ્થાપક એસ. ડી. શિબુલાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિદ્યાધન રજૂ કરવામાં અમને બેહદ ખુશી થાય છે. અમે આગામી ૫-૭ વર્ષમાં ૧,૦૦,૦૦૦ સ્કોલરશિપ પૂરી પાડવાનો પ્રયાસ કરીશું. વિદ્યાર્થીઓને મળવું તે ઉત્તમ અનુભવ છે. કારણ કે, તેઓ બધા હોશિયાર અને આકર્ષક છે. અમે ગુજરાતમાંથી સ્કોલરશિપ માટે દર વર્ષે ૧૦૦ પાત્ર વિદ્યાર્થીઓની પસંદગી કરીશું.વિદ્યાધન ૨૦૧૭ થી ગુજરાતમાં ૫૦ વિદ્યાર્થીઓને ટેકો આપી રહી છે, જે બધાએ બહુ જ ઉત્તમ કામગીરી નોંધાવી છે. શૈક્ષણિક સ્કોલરશિપ ઉપરાંત વિદ્યાધન બધા વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કિલ્સમાં તાલીમ, રોજગારક્ષમતા અને કારકિર્દી માર્ગદર્શન જેવી સેવાઓ પણ આપશે. વિદ્યાર્થીઓને અગિયારમા ધોરણથી સ્કોલરશિપની રકમમાં યોગ્ય વધારા સાથે તેમની અંડરગ્રેજ્યુએટ ડિગ્રી (૫ થી ૭ વર્ષ) પૂર્ણ થવા સુધી સ્કોલરશિપ પ્રાપ્ત થવાનું ચાલુ રહેશે. જો કે તે માટે વિદ્યાર્થીઓએ ઉત્તમ શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે અને પ્રોફેશનલ કોર્સ સહિત ભાવિ અભ્યાસ માટે મેરિટ ક્વોટામાં પ્રવેશ મેળવવાનો રહેશે.આ લોન્ચ વિશે બોલતાં યુવા અનસ્ટોપેબલના સ્થાપક અમિતાભ શાહે જણાવ્યું હતું કે, અમને એસડીએફ સાથે ભાગીદારી કરવાની બેહદ ખુશી છે. કારણ કે, તેમણે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાધન સ્કોલરશિપ પ્રોગ્રામ વિસ્તાર્યો છે. વિદ્યાધન તાલીમ અને મેન્ટરિંગથી તેમના વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દીના નિયોજનમાં મદદ થશે. અમે બંને પે ઈટ ફોર્વર્ડ સંકલ્પનામાં માનીએ છીએ, જેના થકી દરેક વિદ્યાધન વિદ્યાર્થીઓ ભવિષ્યમાં અન્ય વિદ્યાર્થીનું શિક્ષણ પ્રાયોજિત કરવા વચનબદ્ધ બને છે, જેને લીધે આ ગુણાંકી પ્રભાવ બની રહેશે.

લોકાર્પણ (દૈનિક)



# કૈલાશ માન સરોવર યાત્રા દરમિયાન તીર્થયાત્રીઓને સાત્વિક ભોજન મળશે

**(એજન્સી) નવીદિલ્હી,**

કૈલાશ માનસરોવર યાત્રા દરમિયાન તીર્થયાત્રીઓને હવે સાત્વિક ભોજન પિરસવામાં આવશે.આ કામની જવાબદારી હવે મધુબન ફુડ્સે પોતાના હાથમાં લઇ લીધી છે. આ યોજના લાખો તીર્થયાત્રીઓને સાત્વિક ભોજનના અનોખા અનુભવની સાથે ભારત નેપાળ અને ચીનની વચ્ચે એક મજબુત ગઠજોડ તૈયાર કરશે. આ યોજના માટે એસોસિએશન ઓફ કૈલાશ ટુર ઓપરેટર્સના અધ્યક્ષ અને પ્રબંધ નિદેશક પ્રકાશ શ્રેષ્ઠે મધુબન ફુડ્રના પ્રબંધ નિદેશક સુમિત પ્રતાપ ગુપ્તાની સાથે હાથ મિલાવ્યા છે.કૈલાશ માનસરોવર યાત્રા પ્રત્યેક વર્ષ નેપાળની અર્થવ્યવસ્થાને ગતિ આપે છે.પ્રકાશ લગભગ ૨૫ વર્ષોથી તીર્થયાત્રીઓની સેવા કરી રહ્યો છે અને ભારત ચીન અને નેપાળ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવામાં યોગદાન કરે છે. તેમણે કહ્યું કે ભારતના રસોઇયા ભારતીય સ્વાદને સારી રીતે સમજે છે અને એ મહત્વપૂર્ણ છે કે તીર્થયાત્રીઓને તેમના ખાનપાનની આદતો અનુસાર ભોજન પિરસવામાં આવે.યાત્રા દરમિયાન વિસ્તારોથી પસાર થઇને જયારે તીર્થયાત્રી સારી રીતે ભોજન કરે તો તે પોતાની યાત્રાને પુરી સંતુષ્ટિની સાથે પુરૂ કરશે સારા ભોજન અને ધંધાદારી રીતથી તૈયાર અને માનકીકૃત સેવા તીર્થયાત્રાઓની સંખ્યાને પ્રોત્સાહન આપવામાં મદદગાર થશે. જેથી નેપાળમાં રોજગારની નવી તક પેદા થશે એ યાદ રહે કે ગત વર્ષ લગભગ ૨૦,૦૦૦ તીર્થયાત્રીઓએ કૈલાશ માનસરોવરની યાત્રા કરી હતી આ વર્ષ લગભગ ૧૦ અઠવાડીયાથી વધુ સમય સુધી યાત્રાનું સંચાલન કર્યા બાદ મધુબન ફુડ્સે ૬૭૦૦થી વધુ યાત્રીકોને ભોજન પિરસ્યુ હતું.



# ઈમરાન ખાનની પાર્ટીમાં સામેલ થઈ તેની સાવકી દીકરી મેહરુ મેનકા

**(એજન્સી) ઈસ્લામાબાદ,**

પાકિસ્તાનના ભાવિ વડાપ્રધાન ઈમરાન ખાનની સાવકી પુત્રી મેહરુ મેનકા સોમવારે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફમાં સામેલ થઈ હતી. ડોન ન્યૂઝ ટીવીના અહેવાલ મુજબ ઈમરાનની ત્રીજી પત્ની બુશરા મેનકાની દીકરી મેહરુ સત્તાવાર રીતે પાર્ટીમાં જોડાઈ ગઈ છે.મેહરુને પાર્ટી તરફથી મંત્રી પદની ઓફર કરવામાં આવી છે. પીટીઆઈમાં સામેલ થતાં પહેલામેહરુ પાર્ટી પ્રમુખ ઈમરાન ખાનને મળી હતી. મેહરુ અને ઈમરાન વચ્ચે થયેલી બેઠકમાં મનેકા પણ હાજર હતી.ઈમરાન ખાને ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં લાહોરમાં મનેકા સાથે નિકાહ કર્યા હતા. તે ઈસ્લામની સૂફી શાખાની લોકપ્રિયા વિદ્વાન અને ધર્મગુરુ છે. પીટીઆઈ પ્રમુખ સાથે નિકાહ છતાં મનેકા રાજનીતિમાં કોઈ સક્રિય ભૂમિકા નથી ભજવી રહી.ક્રિકેટરમાંથી નેતા બનેલા ૬૫ વર્ષીય ઈમરાન ખાનની પાર્ટી ૨૫ જુલાઈએ થયેલી ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી હતી





# કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૧ ઓગસ્ટથી રાજસ્થાનમાં કરશે ચૂંટણી પ્રચારનો પ્રારંભ





**(એજન્સી) નવીદિલ્હી,**

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૧ ઓગસ્ટે જયપુરમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓના સંમેલનમાં ભાગ લેશે. આ સાથે જ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી રાજસ્થાનમાં ચૂંટણી પ્રચારના અભિયાનનો પ્રારંભ કરશે. રાહુલ ગાંધીના દિલ્હી ખાતેના નિવાસ સ્થાન પર રાજસ્થાનના સંબંધિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓની બેઠક મળી જેમાં કોંગ્રેસ અધ્યક્ષના જયપુર પ્રવાસના કાર્યક્રમ અંગે નિર્ણય લેવાયો હતો.આ બેઠકમાં પાર્ટીના મહાસચિવ અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોત, પ્રદેશ અધ્યક્ષ સચિન પાઇલટ અને પાર્ટીના રાજસ્થાનના પ્રભારી અવિનાશ પાંડે સામેલ થયા હતા. બેઠક બાદ અવિનાશ પાંડેએ જણાવ્યું હતુ કે પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૧ ઓગસ્ટના રોજ જયપુરમાં પ્રદેશના દરેક ઉચ્ચ નેતાઓ અને કાર્યકર્તાઓના સંમેલનને સંબોધન કરશે.પાંડેના જણાવ્યાઅનુસારા રાહુલ ગાંધીએ પાર્ટી નેતાઓને નિર્દેશ કર્યો છે કે જે પણ વાત કરવાની હોય તે પાર્ટી મંચ પર કરવામાં આવે તેમજ વિવાદસ્પદ નિવેદનો કરનાર પર કાર્યવાહી કરવામાં આવે.મુખ્યમંત્રી પદના દાવેદાર પર સવાલ પુછતાં પાંડેએ કહ્યું પાર્ટીનો ચહેરો રાહુલ ગાંધી હશે અને પાર્ટીના દરેક કાર્યકરો એક થઇ ને કામ કરશે. રાજસ્થાનમાં વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે.

# અધિકારી ઈંદિરા નૂયી ત્રણ ઓક્ટોબરે પોતાનું પદ છોડશે

**(એજન્સી) ન્યુયોર્ક,**

પેપ્સિકોની ભારતીય મૂળની મુખ્ય કાર્યકારી અધિકારી (સીઇઓ) ઈંદિરા નૂયી ત્રણ ઓકટોબરે પોતાનું પદ છોડશે.તે ગત ૧૨ વર્ષથી અમેરિકાની આ મુખ્ય ફુડ અને બેવરેજ કંપનીનું નેતૃત્વ કરી રહ્યાં છે કંપનીએ તેની જાહેરાત કરી છે. ઈંદિરા નૂયી ગત ૨૪ વર્ષથી આ કંપની સાથે જોડાયેલ છે જો કે તે ૨૦૧૯ની શરૂઆત સુધી કંપનીના ચેરમેન રહેશે.કંપનીના અધ્યક્ષ રામોન લાગુઆર્તાને નિદેશક મંડળે નૂયીના ઉત્તરાધિકારી પસંદ કર્યા છે.લાગુઆર્તાને કંપનીના નિદેશક મંડળમાં પણ સામેલ કરવામાં આવ્યા છે.નૂયીએ નિવેદનમાં કહ્યું હું ભારતમાં મોટી થઇ છું.મેં કયારેય કલ્પના પણ કરી ન હતી કે મને આવી અસાધારણ કંપનીની નેતૃત્વ કરવાની તક મળશે.નૂયીએ કહ્યું કે કંપની ખુબ મજબુત સ્થિતિમાં છે અને આગળ તેના ખુબ સારા દિવસો આવશે.ગત ૨૨ વર્ષથી કંપનીથી જોડાયેલ લાગુઆર્તા સપ્ટેમ્બરથી અધ્યક્ષ પદ પર છે તે વૈશ્વિક પરિચાલન, કોર્પોરેટ રણનીતિ સાર્વજનિક નીતિ તથા સરકારી મામલાથી સંબંધિત કામકાજ જોઇ રહ્યાં છે. આ પહેલા લાગુઆર્તા યુરોપ અને ઉપ સહારા અફ્રીકા ખંડોનું નેતૃત્વ કરી ચુકયા છે.કંપનીએ કહ્યું કે નુયીના ગયા બાદ પેપ્સિકોના નેતૃત્વવાળી બાકી ટીમમાં કોઇ પરિવર્તન થશે નહીં અહેવાલો અનુસાર નૂયીના સંદર્ભમાં જાહેરાત બાદ કંપનીના શેયર મૂલ્યમાં સામાન્ય ઘટાડો આવ્યો હતો. નુયીએ ટ્વીટ કર્યું સમુદાયોની વચ્ચે જયાં અમારા ઉત્પાદ પહોંચે છે તેમાં પોતાના અંશધારકોના હિતોને પ્રોત્સાહન આપવા માટે અમે છેલ્લા ૧૨ વર્ષમાં જે કામ કર્યું તેને લઇ હું ખુબ ગૌરાન્વિત અનુભવ કરી રહી છું.

# વિદિશામાં કોંગ્રેસ કાર્યકરો વચ્ચે મારપિટ, આરએસએસ પાસે શિખ અનુશાસન : પાર્ટી મહામંત્રી બાબરિયા

**(એજન્સી) વિદિશા,**

કોંગ્રેસના મહામંત્રી અને મધ્યપ્રદેશ કોંગ્રેસના પ્રભારી દીપક બાબરિયાને લાગે છે કે કોંગ્રેસ કાર્યકરોને આરએસએસથી અનુશાસન શિખવું જોઇએ. બાબરિયાએ કાર્યકર્તાઓને આ પાઠ વિદિશામાં ભણાવ્યા.વિદિશા જીલ્લામાં પ્રદેશ પ્રભારી દીપક બાબરિયા અને ચિમન પટેલની સામે જ કોંગ્રેસ કાર્યકર્તાઓ પરસ્પરમાં અથડાઇ પડયા હતાં.તેનું કારણ મંચ સંયુકત કરવાને લઇ ઉભો થયેલ વિવાદ હતો. બાબરિયા વિદિશામાં કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકરોની સાથે બેઠક કરી રહ્યાં હતાં આ દરમિયાન મંચ પર શમશાબાદથી ગત ચુંટણી હારી ચુકેલ સિંધૂ વિક્રમસિંહને જગ્યા નહીં મળવાથી તેમના સમર્થક નારાજ થઇ ગયા હતાં.આથી જગ્યાને લઇ કોંગ્રેસ કાર્યકરો વચ્ચે તકરાર થઇ બાબરિયા મંચથી શાંતિ બનાવી રાખવાની અપીલ કરતા રહ્યાં પરંતુ ઝઘડો અટકયો નહીં ચિમનભાઇએ વિરોધ કર્યો તો કેટલાક કાર્યકર્તા તેમને મારવા દોડી ગયા યુવા કોંગ્રેસ કાર્યકર્તાઓએ ઘેરાબંધી કરી ચિમનન પટેલને પિટાઇથી બચાવી લીધા ત્યારબાદ બાબરિયાએ મંચથી કહ્યું કે સંઘનું અનુશાસન અને માતૃભૂમિ માટે પ્રેમ અનુકરણીય છે. બાદમાં મીડિયાના સવાલ પર પોતાની વાત દોહરાવતા બાબરિયાએ કહ્યું કે આરએસએસનું ઉદાહરણ એટલે માટે કે દુનિયામાં તે જે સારૂ કામ કરી રહ્યું છે અનુશાસનને લઇ પંડિત નહેરૂએ ચીનની સાથે લડાઇમાં તેમનો જે ઉપયોગ કર્યો હતો ત્યારબાદમાં પણ તેની જે ઉપલબ્ધિ છે તેની પ્રશંસા કરવામાં અમને કોઇ સંકોચ નથી આ પહેલા કોંગ્રેસના પ્રદેશ પ્રભારી દીપક બાબરિયાની સાથે રીવામાં કહેવાતી રીતે પાર્ટી કાર્યકરોનો ઝઘડો થયો હતો. જેની ફરિયાદ રાહુલ ગાંધી સુધી પહોંચી હતી. આ મામલામાં પ્રદેશ કોંગ્રેસે મોટી કાર્યવાહી કરતા છ કોંગ્રેસ કાર્યકરોને પાર્ટીમાંથી બરતરફ કર્યા હતાં જો કે મધ્યપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષે દાવો કર્યો હતો કે પાર્ટીમાં એકતા છે કોઇ નારાજ નથી.



# અબોલા પશુ જીવો માટે ઘાસના રાહત દરે વિતરણની મુદત વધારવાનો નિર્ણય

**(પ્રતિનિધિ) ગાંધીનગર,**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના પશુધન પ્રત્યે સંવેદના દાખવતા એક મહત્વનો નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીએ જાહેર કર્યુ છે કે રાજ્યના જે ૪૪ તાલુકાઓ માં ૧૨૫ મી.મી. થી ઓછો વરસાદ થયો છે તેવા તાલુકાઓમાં ગૌશાળા અને પાંજરાપોળના પશુઓ માટે તે તાલુકાઓમાં ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી અથવા અન્ય નિર્ણય થાં સુધી ૨ રૂપિયા કિલોના ભાવથી રાહત દરે ઘાસનું વિતરણ ચાલુ રાખવામાં આવશે. આ રાહત દરે ઘાસ વિતરણની મુદત ૩૧ જુલાઇના રોજ પૂર્ણ થતી હતી પરંતુ મખ્યમંત્રીએ અબોલા પશુ જીવો પ્રત્યે સંવેદશીલ ભાવથી ઘાસના રાહત દરે વિતરણની મુદત વધારવાનો આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

# ચીનનું હાયપરસોનિક વિમાન ભારતના માટે મોટો પડકાર

**(એજન્સી) નવીદિલ્હી,**

ખુદને મહાશક્તિના રૂપમાં સ્થાપિત કરવા માટે ચીન હર સંભવ પ્રયાલ કરી રહ્યુ છે. સૈન્ય ક્ષમતામાં વધારો કરવાથી વન બેલ્ટ વન રોડ પરિયોજના ચીનની મહત્વાકાંક્ષાની યોજના છે. હવે ચીને એક નવી ઉપલબ્ધિ મેળવી લીધી છે. જે તેના પડોશી દેશો માટે ખતરનાખ સાબિત થઈ શકે છે.ચીને તાજેતરમાં પોતાના પહેલા હાયપસોનિક (ધ્વનિ થી ઝડપી ગતિવાળા )વિમાન શિંગકોન્ગ -૨ અથવા સ્ટારી સ્કાય-૨નું સફળ પરીક્ષણ કર્યુ છે. ચાઈના એકેડમી ઓફ એયરોસ્પેસ એયરોડાયનેમિક્સે ચાઈના એરોસ્પેસ સાઈસ એન્ડ ટેકનોલોજી કોર્પોરેશન ને ડિઝાઈય કરેલુ આ વિમાન પરમાણુ હથિયાર લઈ જવા અને દુનિયાના કોઈ પણ મિસાઈલ વિરોદી રક્ષા પ્રણાલીને ભેદમાં સક્ષમ છે. જો કે સેનામાં શામેલ થવાની પહેલા તેના કેટલાક પરિક્ષણ કરવામાં આવશે. અમેરિકા અને રુસ પણ હાયપરસોનિક વિમાનનું પરિક્ષણ કરી ચુક્યા છે. ભારતમાં હાયપરસોનિક મિસાઈલ પ્રણાલી પર કામ ચાલી રહ્યુ છે.આ વર્ષે ચીને રક્ષાના ક્ષેત્રમાં શોધ અને પ્રયોગમાં ૧૭૫ અજબ ડોલરનું રોકાણ કર્યુ હતુ. તે અમેરિકા , રુસ અને યુરોપીય સંઘના સમકક્ષ આવાના પુરજોસ પ્રયાસ કરી રહ્યુ છે.ભારતે આ વર્ષે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું પરિક્ષણ કર્યુ છે. હાલના સમયમાં આ મિસાઈલ મેક-૨.૮ ધ્વનિ ઝડપની ગતિથી રસ્તો કાપે છે. પાંચ વર્ષોમાં આની ઝડપ મેક ૩.૫ થી ૫ સુધી પહોંચીડી દેવામાં આવશે. મિસાઈલ સિસ્ટમ બનાવવા માટે સાત થી દસ વર્ષ લાગશે, અન્ય દેશો માટે પડકાર દુનિયાભરના દેશો પાસે જે હયાત મિસાઈલ વિરોધી રક્ષા પ્રણાલી છે. તે ધીમી ઝડપથી ચાલનાર ક્રૂઝ અને બેલેસ્ટિક મિસાઈલનો સરળતાથી શોધી શકે છે.

# શેલ્ટર હોમ કેસ : પુત્રીઓને ભાજપના ધારાસભ્યોથી બચાવો : રાહુલ ગાંધી

**(એજન્સી) નવીદિલ્હી,**

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે કહ્યું છે કે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર બનતા જ તે સંસદમાં મહિલા અનામત બિલ લાવશે. તેમણે કહ્યું કે જો વર્તમાન સરકાર મહિલા અનામત બિલ લાવશે તો કોંગ્રેસ તેને સમર્થન કરશે. રાહુલ ગાંધીએ કહ્યું કે સમાજની મહિલાઓને પુરૂષોની બરાબર લાવવા માટે કોંગ્રેસ પાર્ટી હરસંભવ પ્રયાસ કરશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે ભાજપ અને આરએસએસની વિચારધારા એ છે કે ફકત પુરૂષ જ આ દેશને ચલાવશે.કેન્દ્રની વર્તમાન સરકારને મહિલાઓની કદર નથી.વડાપ્રધાન મોદી કેપની ઘટનાઓ પર કાંઇ બોલતા નથી ગત ચાર વર્ષમાં મહિલાઓ પર જેટલો અત્યાચાર થયો છે તેટલો ગત ૭૦ વર્ષમાં થયો નથીરાહુલ ગાંધીએ અહીંના તાલકટોરા સ્ટેડિયમમાં મહિલા અધિકાર સંમેલનને સંબોધિત કરતા વધુમાં કહ્યું કે આજે દેશની સ્થિતિ એ છે કે લોકો ભાજપના ધારાસભ્યોથી પોતાની પુત્રીઓની સુરક્ષા કરવા મજબુર છે. તેમણે કહ્યું કે સરકાર બેટી બચાવો,બેટી પઢાવોની વાત કરે છે પરંતુ વર્તમાન સ્થિતિને જોતા સમજ નથી આવતુ કે પુત્રીઓને કેવી રીતે બચાવી શકાય છે.દેશભરમાં પુત્રીઓની વચ્ચે અસુરક્ષાનો ભાવ પેદા થઇ ગયો છે.અમારી વિચારધારા ભાજપ આરએસએસ વિચારધારામાં મહિલાઓને લઇ મોટો ફર્ક છે. આરએસએસમાં મહિલાઓની એન્ટ્રી પર પ્રતિબંધ છે હું પુછવા માંગુ છું કે આખરે આરએસએસમાં મહિલાઓને જગ્યા કેમ આપવામાં આવતી નથી તેમને પદ કેમ મળી રહ્યાં નથી મહિલા આરએસએસની સ્વયં સેવક હોઇ શકે નહીં.દેશમાં મોદીએ ભાજપ અને તેની વિચારધારાએ આગ લગાવી દીધી છે.પછી ભલે તે નોટબંધી હોય કે તે જીએસટી હોય પછી ભલે તે કિસાનોની હાલત હોય મંનરેગા હોય અથવા જયાં પણ તમે જોવો ત્યાં ગરીબો પર આક્રમણ વારંવાર થઇ રહ્યું છે.તેમણે કહ્યું હતું કે બેંકોના પૈસા લઇ માલ્યા જેવા લોકો દેશ છોડી જતા રહે છે અને સરકાર ચુપચાપ જોતી રહે છે.તેમણે કહ્યું કે કેન્દ્રની સરકાર ઉદ્યોગપતિઓની સરકાર છે.કેન્દ્રની વર્તમાન સરકારથી તમામ વર્ગના લોકો નારાજ છે.ઉત્તરપ્રદેશમાં મહિલાઓનો રેપ થાય છે. વડાપ્રધાનના મોંમાંથી એક શબ્દ નિકળતો નથી ઝારખંડમાં મહિલાઓ પર રેપ થાય છે.અલગ અલગ પ્રદેશોમાં થાય છે. એક શબ્દ બોલતા નથી તે તમામ વિષયો પર બોલે છે. બિહારમાં નાના બાળકોનો રેપ થાય છે.પરંતુ વડાપ્રધાન એક પણ શબ્દ બોલતા નથી ઉત્તરપ્રદેશમાં ભાજપના ધારાસભ્ય રેપ કરે છે અને ભાજપના અધ્યક્ષ અથવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોંમાંથી એક પણ શબ્દ બહાર આવતો નથી પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા દેશના લોકોથી ગળે મળે છે પરંતુ એ સમજમાં આવતુ નથી કે ભારતમાં મહિલાઓ સુરક્ષિત કેમ નથીકોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે મહિલાઓની વિરૂધ્ધ જે નરેન્દ્ર મોદીની સરકારે ચાર વર્ષમાં કર્યું તે ૭૦ વર્ષ શું ૩૦૦૦ વર્ષમાં થયુ નથી મહિલા અનામત બિલ સંસદમાં પડયુ છે.હું કહેવા માંગુ છું કે જે દિવસે તમે બિલ પાસ કરાવવા માંગશો તે દિવસે અમારી સમગ્ર પાર્ટી તેને પાસ કરાવવામાં તમારી મદદ કરશે જો તે આમ નહીં કરે તો અમારી સરકાર આવશે તો અમે બિલ પાસ કરીશું. તેમણે બેટી બચાવો બેટી પઢાવોનો કાર્યક્રમ કર્યો હતો અમને સમજમાં નથી આવતુ કે બેટી કોનાથી બચાવવાની હતી ભાજપના ધારાસભ્યોથી.તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચાર આર્થિક નિષ્ફળતા અક્ષમતા અને સામાજિક ભેદભાવ ચરમ પર છે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પાર્ટી સાંસદોને લોકોને મોદીના સારા દિવસના ખોટા વચનોનનો વિકલ્પ આપવા માટે સખ્ત મહેનત કરવા કહ્યું હતું.એ યાદ રહે કે રાહુલ ગાંધી તાજેતરના દિવસોમાં મહિલા સુરક્ષાના નામ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકાર પર સીધા પ્રહારો કરી રહ્યાં છે.તાજેતરમાં બિહારના મુઝફફરપુર શેલ્ટર હોમની યુવતીઓની સાથે રેપની ઘટનાઓના વિરોધમાં દિલ્હીમાં આયોજિત વિરોધ પ્રદર્શનમાં પણ રાહુલ પહોંચ્યા હતાં અહીં તેમણે કહ્યું હતું કે ફકત તે ૪૦ પુત્રીઓ જ નહીં પરંતુ દેશની પ્રત્યેક મહિલાની સુરક્ષા આજે મોટો સવાલ છે.તેમણે કહ્યું હતું કે દેશની અંદર એવું વાતાવરણ બનાવી દેવામાં આવ્યું છે કે દરેક વર્ગ પર હુમલા થઇ રહ્યાં છે.રાહુલે બિહારના મુખ્યમંત્રીના એક નિવેદનનો હવાલો આપતા કહ્યું કે જો નીતીશકુમારને શર્મ આવી રહી છે તો દોષિતો પર તાકિદે કાર્યવાહી કરે તેમણે કહ્યું કે દેશમાં એક તરફ ભાજપ આરએસએસ છે તો બીજી તરફ વિરોધ પક્ષ છે જે દેશની સંયુકત સંસ્કૃતિને બચાવવા માટે ઉભો થઇ ગયો છે.

# કોંગ્રેસ સેવા દળ ક્રાંતિ દિવસની ઉજવણીના ભાગ રૂપે તિરંગા માર્ચ કરશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળ દ્વારા ક્રાંતિ દિવસની ઉજવણી કરવામાં આવશે જેના ભાગ રૂપે ૯ ઓગષ્ટને ગુરૂવારે સવારે ૯.૩૦ કલાકે તિરંગા માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસના કાર્યકરો આગેવાનો રાષ્ટ્રીય તિરંગા ધ્વજ સાથે માર્ચમાં જોડાશે.ગુજરાત કોંગ્રેસ સેવા દળના મુખ્ય સંગઠક મંગલસિંહ સોલંકીએ કહ્યું હતું ક્રાંતિ દિવસે આયોજીત તિરંગા માર્ચમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડા, પ્રદેશના હોદ્દેદારો, ધારાસભ્યો અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો કોર્પોરેટરો વગેરે જોડાશે. તેમણે કહ્યું હતું કે માર્ચ લાલ દરવાજા શહીદ સ્મારકથી રૂપાલી સિનેમા ઇન્દિરાજી,રાજીવજીની પ્રતિમા સરદાર બાગ ખાતે સરદાર વલ્લભાઇ પટેલની પ્રતિમા ઇંદુલાલ યાજ્ઞિકની પ્રતિમાને શ્રધ્ધાસુમન કરી આ તિરંગા માર્ચ પ્રદેશ કોંગ્રેસ સમિતિ કાર્યાલયમાં રાજીવ ગાંધીની પ્રતિમાને શ્રધ્ધાસુમન પુષ્પાંજલી કરી પુરી થશે.તેમણે કહ્યું હતું કે દેશની એકતા અખંડતા કોઇ પણ ખંડિત નહિં કરી શકે.

# અદાલતે ઇશરત અથડામણ કાંડથી આરોપ મુક્ત કરવાની વંજારા અને અમીનની અરજી ઠુકરાવી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ઈશરત જહાં નકલી અથડામણ મામલામાં પૂર્વ આઈપીએસ ડી જી વંજારા અને એન કે અમીનની આરોપ મુકત કરવાની અરજી વિશેષ સીબીઆઇ અદાલતે રદ કરી દીધી છે. સીબીઆઇએ આ અધિકારીઓની અરજીનો વિરોધ કરતા કહ્યું કે વંજારા અને અમીન આ કાવતરામાં સામેલ રહ્યાં છે. આમ કહીને અરજી ઠુકરાવી દીધી હતી હવે આ મામલામાં આગામી સુનાવણી સાત સપ્ટેમ્બરે થશે સીબીઆઇ કોર્ટમાં સુનાવણી દરમિયાન વંજારા અને અમિન હાજર રહ્યાં હતાં. ઈશરત જહાં અથડામણ મામલાની તપાસ કરી રહેલ સીબીઆઇની ટીમે સીબીઇના વિશેષ જજ જે કે પંડયાને કહ્યું કે પૂર્વ પોલીસ અધિકારી એન કે અમીન આ કાવતરામાં સામેલ હતાં તથા ઈશરતને ગોળી મારવાના સમયે ઘટનાસ્થળે હાજર હતાં. જયારે પૂર્વ આઇપીએસ ડી જી વંજારાની દેખરેખમાં જ આ નકલી અથડામણને પરિણામ આપવાની વાત અદાલત સમક્ષ રાખતા સીબીઆઇએ દાવો કર્યો કે વંજારાના આદેશ પર જ આમ કરવામાં આવ્યું હતું.વિશેષ અદાલતે ઈશરત જહાં નકલી અથડામણ મામલામાં રાજય સરકારથી પણ સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું છે કે આ મામલામાં ધરપકડ પહેલા સરકારથી મંજુરી લેવામાં આવી હતી કે નહીં સીબીઆઇ પણ એક મહીનામાં આ મામલામાં પોતાનો પ્રોગ્રેસ રિપોર્ટ અદાલતને સોંપશે.એ યાદ રહે કે ગુજરાત પોલીસના પૂર્વ મહાનિદેશક પી પી પાંડે આ મામલામાં પહેલા જ આરોપ મુકત થયા છે.વંજારા અને અમીને પણ તેના આધાર પર આરોપ મુકત કરવાની અરજી કરી હતી પરંતુ સીબીઆઇના વિરોધને કારણે અદાલતે તેમની અરજી રદ કરતા આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બર સુધી ટાળી દીધી હતી. આ મામલામાં પૂર્વ આઇપીએસ જી એલ સિંઘલ,એન્કાઉન્ટર સ્પેશલિસ્ટ તરૂણ બારોટ પોલીસ નિરીક્ષક અનાજુ ચૌધરી અને જે જી પરમારને પણ આરોપી બનાવવામાં આવ્યા હતાં. એ યાદ રહે કે ૧૫ જુન ૨૦૦૪ના રોજ અમદાવાદમાં ૧૯ વર્ષની ઈશરત જહાંને જાવેદ શેખ,અમઝદ અલી રાણા અને જીશાનને પોલીસે કહેવાતી રીતે નકલી એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતાં. પોલીસનો દાવો હતો કે ઈશરત અને તેના સાથી આતંકી સંગઠન લશ્કરની સાથે જોડાયેલા હતાં અને ગુજરાતના તે સમયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાનું કાવતરૂ રચી રહ્યાં હતાં ઈશરતના પરિવારે આને નકલી એન્કાઉન્ટર ગણાવ્યું હતું.



# નિકોલ વિસ્તારમાં સગીરાએ ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરના નિકોલ વિસ્તારમાં એક સોળ વર્ષની બાળકીએ પોતાનાં ઘરે ગળે ફાંસો ખાઈ લેતાં પરીવારજનો શોકમાં ગરકાવ બન્યાં છે. પોલીસે આ અંગે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.આ અંગેની વિગત એવી છે કે મનોજકુમાર પ્રસાદ પોતાનાં પરીવાર સાથે ઈન્દીરા આવાસ યોજના વસાહત હુડકો, કઠવાડા રહે છે. શનીવારે તેઓ કામે ગયા બાદ તેમની સોળ વર્ષીય દીકરી શ્રુતીએ રસોડામાં પંખામાં હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. જેની જાણ તેમને સાંજે થઈ હતી. આ બનાવની જાણકારી પોલીસને કરાતાં ઘટનાની ગંભીરતા જોઈને પોલીસે તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ કરતાં નિકોલ પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ છાસરીયાએ જણાવ્યું હતું.

# ઈરાન પર અમેરિકાના પ્રતિબંધથી ભારત પર અસર થશે : ટ્રંપ



**(એજન્સી) વોશિંગ્ટન,**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રંપે ઈરાન પર ફરીથી પ્રતિબંધ લગાવી દીધો છે.પાંચ નવેમ્બરે બીજા તબક્કાનો પ્રતિબંધ લાગુ થશે.આ પ્રતિબંધોથી ભારતના તેલ આયાત પર ગંભીર અસર પડવાની શંકા છે. વર્ષ ૨૦૧૫માં ઈરાનની સાથે પરમાણુ સમજૂતિ થયા બાદ અમેરિકાએ તેના પરથી પ્રતિબંધ હટાવી લીધો હતો પરંતુ ટ્રંપે પોતાના પૂર્વવર્તી બરાક ઓબામાના કાર્યકાળમાં થયેલ સમજૂતિને ખોટી ગણાવતા તેને તોડી દીધો હતો. ઈરાન પર પ્રતિબંધથી ભારત પર ખુબ અસર પડવાની આશંકા છે. ભારત અને ઈરાન વચ્ચે પારંપારિક રીતે સારા વ્યાપાર સંબંધ છે ભારત ઈરાનથી ખુબ માત્રામાં તેલ આયાત કરે છે આ સાથે જ તેની તેલ પરિયોજનાઓમાં પણ સહયોગ આપી રહ્યું છે.બંન્ને દેશોના આ નજીકતના સંબંધોને કારણે ઈરાને ભારતને ચાબહાર બંદરગાહમાં ભાગીદારીની તક આપી રાષ્ટ્રપતિએ કહ્યું કે ઈરાનના ઓટો મોટિવ સેકટર અને સોના અને અન્ય બહુમૂલ્ય ધાતુઓનો વ્યાપાર પણ આ પ્રતિબંધોના દાયરામાં આવશે પ્રતિબંધોથી ઈરાનના ઉર્જા ક્ષેત્ર ખાસ કરીને પેટ્રોલિયમથી જોડાયેલ કારોબાર પ્રભાવિત થશે. સેન્ટ્રલ બેંક ઓફ ઈરાનના વિદેશી આર્થિક સંગઠનોની લેવડ દેવડ પર પણ રોક લગાવવામાં આવી છે.આથી ઈરાનની મુદ્રા રિયાલમાં વધુ ઘટાડો આવશે અને દેશની અર્થવ્યવસ્થા ખરાબ થશે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન - ગુજરાત

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને મફ્ત, ફરજીયાત અને ગુણવત્તાયુકત શિક્ષણ પુરું પાડવાનો છે. આ માટે આપની આસપાસના વિસ્તારમાં ખાસ કરીને સ્લમ વિસ્તારમાં શાળામાં કદી ન ગયેલ, શાળામાંથી ધોરણ ૧ થી ૮ પૂર્ણ કર્યા સિવાય શાળા છોડી ગયેલ, દિવ્યાંગ સહિતના તમામ બાળકોની માહિતી માટે નીચેના ટોલ ફ્રી નંબરો પર કે નજીકની સરકારી પ્રાથમિક શાળામાં કચેરીના કામકાજના દિવસોમાં ૧૧:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન નોંધાવી સહયોગ આપશો.

| જિલ્લો/કોર્પો. | ટોલફ્રી નંબરો | જિલ્લો/કોર્પો. | ટોલફ્રી નંબરો |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૮૦૦ ૨૩૩ ૦૩૬૬ | મહીસાગર | ૧૮૦૦ ૨૩૩ ૨૪૩૧ |
| અમરેલી | ૧૮૦૦ ૨૩૩ ૫૩૩૨ | મોરબી | ૧૮૦૦ ૨૩૩ ૩૯૬૭ |
| આણંદ | ૧૮૦૦ ૨૩૩ ૭૬૩૫ | નર્મદા | ૧૮૦૦ ૨૩૩ ૨૬૪૧ |
| અરવલ્લી | ૧૮૦૦ ૨૩૩ ૪૭૪૯ | નવસારી | ૧૮૦૦ ૨૩૩ ૧૭૦૯ |
| બનાસકાંઠા | ૧૮૦૦ ૨૩૩ ૩૧૪૨ | પંચમહાલ | ૧૮૦૦ ૨૩૩ ૨૪૧૭ |
| ભરૂચ | ૧૮૦૦ ૨૩૩ ૨૬૪૨ | પાટણ | ૧૮૦૦ ૨૩૩ ૦૭૦૫ |
| ભાવનગર | ૧૮૦૦ ૨૩૩ ૦૮૫૪ | પોરબંદર | ૧૮૦૦ ૨૩૩ ૩૧૫૧ |
| બોટાદ | ૧૮૦૦ ૨૩૩ ૬૮૯૮ | રાજકોટ | ૧૮૦૦ ૨૩૩ ૬૨૩૧ |
| છોટા ઊદેપુર | ૧૮૦૦ ૨૩૩ ૨૬૯૦ | સાબરકાંઠા | ૧૮૦૦ ૨૩૩ ૧૯૫૫ |
| દાહોદ | ૧૮૦૦ ૨૩૩ ૩૧૫૨ | સુરત | ૧૮૦૦ ૨૩૩ ૪૮૨૦ |
| ડાંગ | ૧૮૦૦ ૨૩૩ ૦૪૮૦ | સુરેન્દ્રનગર | ૧૮૦૦ ૨૩૩ ૩૧૫૩ |
| દેવભુમિ દ્વારકા | ૧૮૦૦ ૨૩૩ ૭૦૯૦ | તાપી | ૧૮૦૦ ૨૩૩ ૨૧૩૦ |
| ગાંધીનગર | ૧૮૦૦ ૨૩૩ ૧૦૩૬ | વડોદરા | ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૩ |
| ગિર સોમનાથ | ૧૮૦૦ ૨૩૩ ૨૫૮૫ | વલસાડ | ૧૮૦૦ ૨૩૩ ૩૧૯૦ |
| જામનગર | ૧૮૦૦ ૨૩૩ ૩૧૪૩ | અમદાવાદ કોર્પો. | ૧૮૦૦ ૨૩૩ ૧૦૪૨ |
| જુનાગઢ | ૧૮૦૦ ૨૩૩ ૩૧૪૯ | રાજકોટ કોર્પો. | ૧૮૦૦ ૨૩૩ ૦૦૫૨ |
| ખેડા | ૧૮૦૦ ૨૩૩ ૨૪૧૬ | સૂરત કોર્પો. | ૧૮૦૦ ૨૩૩ ૨૦૨૮ |
| કચ્છ | ૧૮૦૦ ૨૩૩ ૬૫૨૯ | વડોદરા કોર્પો. | ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૨ |
| મહેસાણા | ૧૮૦૦ ૨૩૩ ૦૦૭૪ | રાજ્ય કચેરી | ૧૮૦૦ ૨૩૩ ૭૯૬૫ |

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન

# મગફળીની સારસંભાળ રાખવાની જવાબદારી નાફેડની: નીતિન પટેલ



**(પ્રતિનિધિ) ગાંધીનગર,**

મગફળીકાંડ પર રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, નાફેડના ચેરમેનનું કામ મગફળીની દેખરેખ રાખવાનું છે. ગુજરાતમાં મગફળી ખરીદવાનું કામ સરકારે શરૂ કર્યુ હતું.મગફળીનું ખરીદ અને વેચાણ એ નાફેડની દેખરેખમાં એટલે કે જવાબદારીમાં આવે. મગફળીની સારસંભાળ રાખવાની જવાબદારી નાફેડની છે. નીતિન પટેલે આક્ષેપો પર નિવેદન આપતા જણાવ્યું કે, વાઘજીભાઈનું નિવેદન એ આઘાતજનક છે. વાઘજી બોડાએ લગાવેલાં આક્ષેપો ખોટા છે. વાઘજીભાઈએ અત્યાર સુધી કોઈ જ ફરિયાદ કરી નથી.